પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦૮/કંટ્રોલરૂમ ફેક્સ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા./જાહેરનામું/ ૧૩ /૨૦૨૧ વડોદરા, તારીખ૦૧ /૦૧/૨૦૨૧

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ – ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.03/01/૨૦૨૧ નારોજ કલાક:૧૧/00 થી ૧૪/00 દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારી) વર્ગ-૨ ની પ્રિમીલનરી (GPSC) ની પરીક્ષા કુલ.૧૮ કેન્દ્રો ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવનાર છે. જે સ્કુલો / હાઇસ્કુલોમાં લેવામાં આવનાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરિતીઓ ન થાય, પરીક્ષાથીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ સલામતિ જળવાઇ રહે તે માટે પરીક્ષા મુક્ત અને ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરિતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું આર.બી.બ્રહ્મભટ્ટ I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ(GPSC)ના કચેરીના પત્ર ક્રમાંક:પીસીઇ-૨૦૧૯-૨૯૪૬-૩-ઇએક્સ-૨ તા.૨૨/૧૨/૨૦૨૦ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ- ૧૯૭૩ ની કલમ ૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તારીખ ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ.03/01/૨૦૨૧ ના કલાક સવાર ૦૮:00 થી કલાક ૧૫:00 સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### –:કૃત્યો :–

વડોદરા શહેરમાં જે જે કેન્દ્રો (સ્કુલો / હાઇસ્કુલો)માં પરીક્ષા લેવાનાર છે તે તે કેન્દ્રોની શાળાઓના પરીક્ષાખંડની અંદર તારીખ 03/01/૨૦૨૧ ના કલાક સવાર ૦૮:00 થી કલાક ૧૫:00 સુધી કોઈપણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેશ ફોન, મોબાઈલ ફોન, વાયરલેશ વિગેરે લઈ જવા ઉપર કે ઈલેકટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે, તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુબાજુમાં ૧૦૦–મીટરના અંતરમાં પરીક્ષા સમય દરમ્યાન ચાર કે તેથી વધુ વ્યકિતીઓએ ભેંગા થવું નહી. તથા પરિક્ષા કેન્દ્રોની બહાર ૧૦૦–મીટરના અંતરમાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહિ કે લાઉડ સ્પીકર વગાડી શકશે નહિ.

### –: વિસ્તાર :–

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓ.

સ્કુલ/હાઇસ્કુલોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કેન્દ્ર (સ્કુલનું નામ) | પોલીસ સ્ટેશન |
|---|---|---|
| ૧ | બરોડા હાઇસ્કુલ, એક્સપ્રેસ હોટલ, અલકાપુરી | સયાજીગંજ |
| ૨ | સત્યનારાયણ વિદ્યાલય, લક્ષ્મિપુરા રોડ, ગોરવા | લક્ષ્મિપુરા |
| ૩ | વિદ્યુત બોર્ડ વિદ્યાલય, વિદ્યુતનગર કોલોની, જુના પાદરા રોડ | ગોત્રી |
| ૪ | કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી ગર્લ્સ હાઇસ્કુલ, ૨૨ કેમ્પ, ફતેગંજ | ફતેગંજ |
| ૫ | હિલ મેમોરીયલ હાઇસ્કુલ, ફતેગંજ | સયાજીગંજ |
| ૬ | સંત જોશેફ હાઇસ્કુલ, નવાયાર્ડ,છાણી રોડ | ફતેગંજ |
| ૭ | રમણભાઇ સી. પટેલ નવયુગ વિદ્યાલય, ફતેગંજ ચર્ચ પાસે, | ફતેગંજ |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૮ | બ્રાઇટ ઇંગ્લિશ મિડિયમ સ્કુલ, જે.એમ. પંડ્યા હોલ, એરપોર્ટ રોડ, હરણી | હરણી |
| ૯ | લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય, સંગમ ચાર રસ્તા, હરણી રોડ | કારેલીબાગ |
| ૧૦ | વેબ મેમોરીયલ હાઇસ્કુલ, ગેલાની પેટ્રોલપંપ પાસે, નિઝામપુરા | ફતેગંજ |
| ૧૧ | નવયુગ ઇંગ્લિશ મિડિયમ સ્કુલ, આનંદવન સોસા., સમા રોડ | સમા |
| ૧૨ | માર્ક ગોરેશિયસ મેમોરીયલ સ્કુલ, ચાણક્યપુરી ન્યુ સમા રોડ | સમા |
| ૧૩ | ન્યુ ઇરા ગર્લ્સ હાઇસ્કુલ, નાગરવાડા મેઇન રોડ, ભુતડી ઝાંપા | કારેલીબાગ |
| ૧૪ | C.R. પટેલ જીવન ભારતી વિધાલય, બ્રહમાનંદ ચોક, દિનેશ પાઠક રોડ | કારેલીબાગ |
| ૧૫ | સરદાર વિનયમંદીર, આર્યકન્યા વિદ્યાલય પાસે, કારેલીબાગ | કારેલીબાગ |
| ૧૬ | શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલય, યાદવ નગર, હિરાવંશી ચેમ્બર પાસે | કારેલીબાગ |
| ૧૭ | ઝેનિથ હાઇસ્કુલ, ગુજરાતી મીડીયમ, ડભોઇ રોડ, પ્રતાપનગર | વાડી |
| ૧૮ | બરોડા હાઇસ્કુલ, ઓ.એન.જી.સી. કેમ્પસ, મકરપુરા | મકરપુરા |

**–:અપવાદ: –**

આ હુકુમતમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.

પરીક્ષા ફરજમાં રોકાયેલ રાજ્ય સેવા આયોગ(GPSC)ના અધિકૃત અધિકારીઓ પોતાની વિધિસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**–:: શિક્ષા ::–**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નરથી પોલીસ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો.કલમ.૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખઃ ૦૧ માહે જાન્યુઆરી - ૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા.

(આર.બી.બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર, વડોદરા

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-

(૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

C:\Users\HDIITS\Downloads\gpsc-(PI)2021.docx

Scanned with CamScanner

(૩) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૪) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૬) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૭) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સપેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૦) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૧) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૩) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.



Scanned with CamSca